# ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં પ્રવાસી સુપરવાઈઝર ઈન્સ્ટ્રક્ટરની માનદ સેવાઓ આમંત્રિત કરવા અંગે

રોજગાર અને તાલીમ ખાતાના નિયંત્રણ હેઠળની ઔદ્યોગિક તાલીમ સંસ્થા-નવસારી (મ) (હેલ્થ સેનેટરી ઈન્સ્પેક્ટર અને બ્યુટીકલ્ચર એન્ડ હેર ડ્રેસીંગ સેક્ટર)માં ઉપર મુજબ જુદા-જુદા **NCVT/GCVT** વ્યવસાયોમાં સુપરવાઈઝર ઈન્સ્ટ્રક્ટરની નિયમિત જગ્યાઓ ન ભરાય ત્યાં સુધી વચગાળાની વ્યવસ્થારૂપે પ્રવાસી સુપરવાઈઝર ઈન્સ્ટ્રક્ટરની માનદ સેવાઓ માટે રસ ધરાવતા ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે. પિરીયડ દીઠ રૂ.૯૦/- લેખે મહત્તમ દૈનિક ૬ કલાક લેખે મહત્તમ દૈનિક માનદ વેતન રૂ.૫૪૦/-ના દરે માસિક રૂ.૧૩૫૦૦/- થી વધુ નહીં તે રીતે ચુકવવામાં આવશે. ઉમેદવારોએ શૈક્ષણિક લાયકાત, અનુભવ (એક વર્ષથી વધુ) સાથેની વિગતવાર અરજી તેમજ તમામ આધારભુત પુરાવાઓ રજુ કરવાના રહેશે. લાયકાત ધરાવતા ઉમેદવારોએ નીચે દર્શાવેલ સરનામે સંસ્થાનો સંપર્ક કરવો. **CITS** પાસ ઉમેદવારોને મેરીટમાં પ્રાધાન્ય આપવામાં આવશે.

પ્રવાસી સુપરવાઈઝર ઈન્સ્ટ્રક્ટર તરીકે આવનાર ઉમેદવારોનો કોઈ અન્ય સેવા વિષયક હક્કદાવો રહેશે નહિં તે મુજબનું લિખિતમાં એફીડેવીટથી બાહેંધરી પત્ર આપવાનું રહેશે. આ પ્રક્રિયા સંપૂર્ણપણે મેરીટ આધારીત રહેશે. ટપાલ ખાતાનો વિલંબ ધ્યાને લેવામાં આવશે નહીં. માનદ વ્યાખ્યાતાની સેવા લેવા માટેનો અબાધિત નિર્ણય સંસ્થાની કમિટીનો રહેશે.

૧. સંસ્થામાં રૂબરૂ નિયત ફોર્મેટમાં અરજી આપવાની છેલ્લી તારીખ : ૦૩/૦૩/૨૦૨૨

૨. રૂબરૂ મુલાકાતનું સ્થળ / સરનામું : આચાર્યશ્રીની કચેરી, ઔદ્યોગિક તાલીમ સંસ્થા - નવસારી (મ), જિલ્લા સેવા સદનની પાછળ, કાલિયાવાડી, ગ્રીડ રોડ, નવસારી-૩૯૬૪૨૭, દૂરભાષ નંબર - ૨૬૩૭-૨૩૭૪૯૯

૩. રૂબરૂ મુલાકાતની તારીખ : ૦૭/૦૩/૨૦૨૨

૪. રૂબરૂ મુલાકાતનો સમય : સવારે ૧૨:૦૦ કલાકે.

આચાર્ય
ઔ તા સંસ્થા, નવસારી (મ)

માહિતી/નવસારી/૫૧૭/૨૦૨૨

Scanned with CamScanner